# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR – 388 120 (GUJARAT) INDIA

NAAC Accreditation CGPA 3.11 Grade–'A' (10-01-2023 to 09-01-2028)

**Website: www.spuvvn.edu** **Phone : (02692) 226807/226867**

એકેડેમિક વિભાગ


## **પરીપત્ર (Circular)**

**સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા શિડયુલ ૨૦૨૬-૨૭ ખાલી બેઠક આધારીત કાઉન્સેલિંગ અંતિમ રાઉન્ડ**

| પ્રવેશનો તબક્કો | તારીખ | **વિદ્યાર્થીએ અનુસરવાની પ્રક્રિયા** |
|---|---|---|
| રજીસ્ટ્રેશન | તારીખઃ ૦૭/૦૯/૨૦૨૬ સવારે ૧૧.૦૦ કલાક થી તારીખઃ ૧૧/૦૯/૨૦૨૬ રાત્રે ૧૧.૫૯ કલાક સુધી | ૧. ક્વિક રજીસ્ટ્રેશન કરવું<br>૨. રજીસ્ટ્રેશન ફી, પ્રોફાઇલ, શૈક્ષણિક માહિતી ભરવી અને યુનિવર્સિટી-કોલેજ-પ્રોગ્રામ મુખ્ય વિષયના પ્રેફરન્સ (અગ્રતાક્રમ) પસંદ કરવા, ડોકયુમેન્ટ અપલોડ કરવા.<br>૩. ઓનલાઇન અરજી ચેક કરી GCAS પોર્ટલ પર સબમિટ કરવી. |
| અરજી એડીટ, પ્રેફરન્સ ચેન્જ અને પ્રવેશ ઓફર | તારીખઃ ૦૭/૦૯/૨૦૨૬ સવારે ૧૧.૦૦ કલાક થી તારીખઃ ૧૧/૦૯/૨૦૨૬ રાત્રે ૧૧.૫૯ કલાક સુધી | જે વિદ્યાર્થીઓએ અગાઉના રજીસ્ટ્રેશન રાઉન્ડમાં તેમની અરજી સબમિટ કરી છે. પરંતુ અરજી એડિટ કરવી હોય કે તેમણે આપેલ પ્રેફરન્સ ચેન્જ કરવા હોય તો નીચે મુજબ કાર્યવાહી કરવાની થાય.<br>૧. અગાઉના પ્રવેશ રાઉન્ડમાં કોઇ યુનિવર્સિટી-કોલેજમાં પ્રવેશ કન્ફર્મ કરાવેલ હોય તો સૌ પ્રથમ પ્રવેશ કરીને ત્યારબાદ અરજી એડિટ કે પ્રેફરન્સ ચેન્જ કરી શકાશે.<br>૨. અગાઉના પ્રવેશ રાઉન્ડમાં કોઇ યુનિવર્સિટી-કોલેજમાં પ્રવેશ કન્ફર્મ ન કરાવેલ હોય તો પોર્ટલ પર લોગ-ઇન કરીને વિદ્યાર્થી તેની અરજી એડિટ કે પ્રેફરન્સ ચેન્જ કરી શકાશે.<br>**ખાસનોંધ :** વિદ્યાર્થીએ તેનું ફોર્મ અનલોક કરીને જેટલા પણ એડિટ / પ્રેફરન્સ ચેન્જ કર્યા બાદ દરેક વખતે ફોર્મ સબમિટ કરવું અનિવાર્ય છે, અન્યથા ફોર્મ પ્રવેશ માટે ધ્યાને લેવાશે નહીં. |
| પ્રવેશ ઓફર & કન્ફર્મેશન | તારીખઃ ૦૮/૦૯/૨૦૨૬ સવારે ૧૧.૦૦ કલાક થી તારીખઃ ૧૪/૦૯/૨૦૨૬ રાત્રે ૧૧.૫૯ કલાક સુધી | યુનિવર્સિટી-કોલેજો જે વિદ્યાર્થીઓએ ક્યાંક પ્રવેશ કન્ફર્મ નહિ કરાવેલ હોય તથા નવી અરજી સબમિટ કરી હોય કે પ્રવેશ કેન્સલ કરાવીને અરજી એડીટ કરી હોય તેવા તમામ વિદ્યાર્થીઓને તેમના પ્રેફરન્સ તથા સંલગ્ન યુનિવર્સિટી-કોલેજો પ્રવેશના નિયમો (એલિજિબિલિટી, મેરીટ, ટાઇ-બ્રેકર વગેરે) મુજબ પ્રવેશ ઓફર કરશે. ઓફર વિદ્યાર્થીના લોગ-ઇન ડેશબોર્ડ પર જોવા મળશે. વિદ્યાર્થીએ રોજ પોર્ટલ પર લોગ-ઇન કરીને તેને મળેલ ઓફર ચેક કરવી તથા તે મુજબ કોલેજનો સંપર્ક કરીને નીચે દર્શાવ્યા મુજબ કરવાનું રહેશે. અન્યથા વિદ્યાર્થી ખરેખર જે યુનિવર્સિટી-કોલેજોમાં |

| | | |
|---|---|---|
| | | પ્રવેશ મેળવવા ઇચ્છે છે તે યુનિવર્સિટી-કોલેજનો સંપર્ક કરીને તેમના માર્ગદર્શન મુજબ પ્રવેશની કાર્યવાહી કરવી.<br><br>૧. વિદ્યાર્થીએ GCAS પોર્ટલ પર તેના ડેશબોર્ડ પર લોગ-ઇન કરી સંબંધિત યુનિવર્સિટી-કોલેજ દ્વારા આપવામાં આવેલ પ્રવેશની ઓફર ચકાસવી.<br>૨. વિદ્યાર્થીના ડેશબોર્ડ પર મળેલ તમામ ઓફર્સ પૈકી પસંદગીની યુનિવર્સિટી-કોલેજ-પ્રોગ્રામ-મુખ્ય વિષયની ઓફર પોર્ટલ પર કન્ફર્મ કરવી.<br>૩. ઓફર લેટરની પ્રિન્ટ લઇ પ્રવેશ માટે સંબંધિત **યુનિવર્સિટી-કોલેજ ખાતે તેમના કામકાજના સમય દરમિયાન** તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોના એક સેટ સાથે રીપોર્ટિંગ કરવું.<br>યુનિવર્સિટી-કોલેજ ખાતે નિયમાનુસાર ફી ભરવી અને OTPથી પ્રવેશ કન્ફર્મ કરવો. |

**ખાસ નોંધ :** વિદ્યાર્થીએ વિભાગ / કોલેજની પસંદગી કરતા પહેલા જે તે વિભાગ / કોલેજના અભ્યાસક્રમની ખાલી બેઠકોની માહિતી યુનિવર્સિટી / જીકાસની વેબસાઇટ પરથી મેળવી ત્યારબાદ પ્રવેશનો પ્રેફરન્સ આપવાનો રહેશે.

સદર યુ.જી. / પી.જી. પ્રવેશના મોપ-અપ રાઉન્ડમાં દરેક વિભાગ / કોલેજે વિદ્યાર્થીને પ્રવેશ ઓફર બોક્ષ ઓપન ફોર ઓલ પદ્ધતિથી કરવાનો થાય છે. આ પદ્ધતિમાં અધ્યક્ષશ્રી / આચાર્યશ્રીએ પોતાના વિભાગ / કોલેજની યુનિવર્સિટી દ્વારા મંજૂર થયેલ બેઠકની મર્યાદાને આધારે વિદ્યાર્થીઓને **વધુ પ્રવેશ ઓફર** કરી શકશે. GCASની નિયત કરેલ તારીખોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ઓફર કરવાની રહેશે. સદર પ્રવેશ સંદર્ભની પ્રક્રિયામાં આગામી સમયમાં જો કોઇ મુશ્કેલી / તકરાર ઉભી થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વિભાગ / કોલેજના અધ્યક્ષશ્રી / આચાર્યશ્રીની રહેશે.

ઉપરોકત બાબતને ધ્યાને લેતાં ઉપલબ્ધ ખાલી બેઠકોનો મહત્તમ ઉપયોગ થાય, કોઈપણ વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે અને પ્રવેશ પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ થાય તે હેતુસર, GCAS પોર્ટલ પર સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની ખાલી બેઠકો માટે આ સાથે GCASના પત્રમાં જણાવેલ કાર્યપદ્ધતિથી પ્રવેશ આપવા જણાવવામાં આવે છે. સામેલ નીચે મુજબની કાર્યપદ્ધતિથી કોલેજ/યુનિવર્સિટીએ પ્રવેશ આપવા જણાવવામાં આવે છે.

નંબરઃ ડી/ઈ/૧૦/૩૯૭૯
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૦૭/૦૯/૨૦૨૫

કુલસચિવ

નકલ રવાના :
૧. ઉપરોકત અભ્યાસક્રમો ચલાવતી તમામ કોલેજો તરફ આગળની કાર્યવાહી સારૂ.
૨. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ ઉપરોકત તારીખો દરમ્યાનની જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

# Gujarat Common Admission Services (GCAS)

ક્રમાંક : GCAS/UG/મોપ-અપ/૨૦૨૬-૨૭/૯૮૬ તા. 03/0૯/૨૦૨૬

પ્રતિ,
માન. કુલપતિશ્રી,
GCAS સાથે સંલગ્ન તમામ યુનિવર્સિટીઓ,
ગુજરાત રાજ્ય.

**વિષય :** GCAS પ્રવેશ-સત્ર ૨૦૨૬-૨૭ – સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) કક્ષાની ખાલી રહેલ બેઠકો ભરવા માટે કૉલેજ-યુનિવર્સિટી કક્ષાનો મોપ-અપ યોજવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, GCAS પોર્ટલ મારફતે પ્રવેશ-સત્ર ૨૦૨૬-૨૭ માટે સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) કક્ષાના પ્રવેશના નિયત તમામ રાઉન્ડ તથા ખાલી બેઠકોનો રાઉન્ડ (VSBC) પૂર્ણ થયેલ છે. તેમ છતાં, વિવિધ યુનિવર્સિટીઓ, કોલેજો, વિદ્યાર્થીઓ-વાલીઓ તથા વિદ્યાર્થીઓ સંગઠનો દ્વારા VSBC રાઉન્ડ બાદ પણ બાકી રહેતી જગ્યાઓ પર જે વિદ્યાર્થીઓ આજ દિન સુધી પ્રવેશ મેળવેલ નથી કે પ્રવેશ માટે અરજી કરી નથી તેમને વધુ એક તક આપવા માટે વિનંતી કરી છે.

ઉપરોક્ત બાબતને ધ્યાને લેતાં, ઉપલબ્ધ ખાલી બેઠકોનો મહત્તમ ઉપયોગ થાય, કોઈ પણ પાત્ર વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે અને પ્રવેશ પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ થાય તે હેતુસર, GCAS પોર્ટલ પર સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) કક્ષાની ખાલી બેઠકો માટે નીચે મુજબની કાર્યપદ્ધતિથી **કૉલેજ-યુનિવર્સિટી કક્ષાનો મોપ-અપ** યોજવા જણાવવામાં આવે છે :

**(અ) રજિસ્ટ્રેશન અને અરજી એડિટ:**

જો કોઈ વિદ્યાર્થી હજુ સુધી પણ અનિવાર્ય સંજોગોને કારણે આટલી તક મળ્યાં બાદ પણ GCAS પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરીને પોતાની અરજી ઓનલાઇન સબમિટ કરી શકેલ નથી, તેઓ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરી, પ્રોફાઈલ ભરી અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરીને ઓનલાઇન અરજી સબમિટ કરી શકશે.

જે વિદ્યાર્થીઓ અગાઉથી રજિસ્ટર્ડ હોય, તેમણે પોર્ટલ પર લોગ-ઇન કરી પોતાની અરજી એડિટ કરવી હોય તો કરી શકશે. વિદ્યાર્થી ખરેખર જે કૉલેજ-યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેમનું માર્ગદર્શન મેળવી તે મુજબ સંબંધિત કોલેજ-યુનિવર્સિટી-પ્રોગ્રામ-મુખ્ય વિષયનો પ્રેફરન્સ આપવાનો રહેશે.

**(બ) પ્રવેશ ઓફર અને કન્ફર્મેશન:**

રજિસ્ટ્રેશન અથવા પ્રેફરન્સ અપડેટ થયા બાદ સંબંધિત કૉલેજ-યુનિવર્સિટી વિદ્યાર્થીની પાત્રતા ચકાસવાની રહેશે. ત્યારબાદ પોતાના પ્રસ્થાપિત પ્રવેશના નિયમો – એલિજિબિલિટી, મેરીટની ગણતરી, ટાઈ-બ્રેકર, અનામત તથા અન્ય પ્રવર્તમાન જોગવાઈઓ – નું ચુસ્ત પાલન કરી પ્રવેશ ઓફર કરવાની રહેશે. અસલ દસ્તાવેજોની ચકાસણી કરી


Knowledge Consortium of Gujarat,
Pragna Puram Campus, Opp. PRL, Navrangpura,
Ahmedabad, Gujarat. 380015
Email: info-gcas@gujgov.edu.in
Website: https://gcas.gujgov.edu.in/

અને નિયમાનુસાર ફી સ્વીકાર્યા બાદ કૉલેજ-યુનિવર્સિટીએ જ પોર્ટલ પર પ્રવેશ ઓફર જનરેટ કરી પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે.

**(ક) સમયમર્યાદા:**

મોપ-અપ રાઉન્ડ માટે GCAS પોર્ટલની કામગીરી તા. ૦૭/૦૯/૨૦૨૬થી ખુલ્લી મૂકવામાં આવશે. પ્રવેશની અંતિમ તારીખ સંબંધિત કૉલેજ-યુનિવર્સિટીએ પોતાના નિયમો અને ધોરણો મુજબ, શૈક્ષણિક કાર્ય તથા યુનિવર્સિટીના પરીક્ષા-કેલેન્ડરને બાધ ન આવે તે રીતે, જાહેર કરવાની રહેશે.

**આ સંદર્ભે આપશ્રીની કક્ષાએથી નીચે મુજબની કાર્યવાહી કરવા વિનંતી છે :**

1. ઉપરોક્ત કાર્યપદ્ધતિના આધારે આપની યુનિવર્સિટી તથા તેની સંલગ્ન અને ઘટક કૉલેજો/વિભાગો માટે વિગતવાર માર્ગદર્શિકા (ગાઈડલાઈન્સ) — જેમાં પ્રવેશની અંતિમ તારીખ, પ્રોગ્રામવાર ખાલી બેઠકોની વિગત, દસ્તાવેજ ચકાસણી અને ફીની પ્રક્રિયાનો સમાવેશ થાય — તાત્કાલિક પ્રસિદ્ધ કરવી.
2. સદર માર્ગદર્શિકા યુનિવર્સિટી તથા તમામ કૉલેજોની વેબસાઈટ, નોટિસ બોર્ડ, સોશિયલ મીડિયા તથા અન્ય ઉપલબ્ધ માધ્યમો દ્વારા વિદ્યાર્થીઓમાં વ્યાપક પ્રમાણમાં પ્રસારિત કરવી, જેથી કોઈ પણ પાત્ર વિદ્યાર્થી માહિતીના અભાવે વંચિત ન રહે.
3. પ્રસિદ્ધ કરેલ માર્ગદર્શિકાની એક નકલ તથા નિયત કરેલ પ્રવેશની અંતિમ તારીખ GCAS સેલ, કેસીજી, અમદાવાદને ઈ-મેલ મારફતે અચૂક મોકલી આપવી.

સદરહુ કાર્યવાહી પ્રવેશ-સત્ર ૨૦૨૬-૨૭ના પ્રવેશની અંતિમ કડી હોઈ, તેને સર્વોચ્ચ અગ્રતા આપી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા આપશ્રીના સ્તરેથી સંબંધિત તમામને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

દિલીપ રાણા, IAS
કમિશનર, ઉચ્ચ શિક્ષણ &
સીઈઓ, કેસીજી

**નકલ રવાના (જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે) :**

૧. માન. અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨. માન. કુલસચિવશ્રી, GCAS સાથે સંલગ્ન તમામ યુનિવર્સિટીઓ.

3. GIPL — પોર્ટલ પર મોપ-અપ રાઉન્ડની જરૂરી કન્ફિગરેશન કરવા સારૂ.

૪. પસંદગી ફાઈલ.